# અખબાર યાદી

સુરત મહાનગરપાલિકા સમાવિષ્ટ વિવિધ વિસ્તારોમાં આજે સવારથી ધોધમાર વરસાદ પડવાના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ હતી. આજરોજ માન.મેયર શ્રી દક્ષેશ માવાણીએ વહેલી સવારથી વરાછા ઝોન સમાવિષ્ટ ફૂલ માર્કેટ એકે નગર, કતારગામ ઝોન વિસ્તાર સમાવિષ્ટ સિંગણપુર ચાર રસ્તા, ડભોલી, વેડ રોડ, રાંદેર ઝોનમાં સમાવિષ્ટ પાલનપુર તેમજ અડાજણ વિસ્તાર સહિતના વિસ્તારોમાં મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી હતી. તેમજ સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, ડેપ્યુટી મેયર ડો. નરેન્દ્ર ભાઈ પાટીલ, નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રિપાઠી સહિત કોર્પોરેટરશ્રીઓએ પોતાના મતવિસ્તારમાં સતત ફિલ્ડ પર અધિકારીઓ સાથે કાર્યરત રહી પાણી ઝડપથી નિકાલ થાય તે માટે વ્યવસ્થા માં જોડાયા હતા.જે વિસ્તારોમાં પાણી ભરાયા તેનો સર્વે કરી ભવિષ્યમાં તેનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે બાબતે જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી નંબર:- ૧૦૧,૩૦/૦૮/૨૦૨૪**


JCB


JCB